# ધાનેરાની ગાયનેક હોસ્પિટલમાં સ્ટાફ દ્વારા કરાવતી પ્રસુતિ : જીવ જોખમમાં

**સ્ટાફ દ્વારા અગાઉ પણ પ્રસ્તુતિમાં બેદરકારી દાખવતા થયા હતા મહિલાના મોત તંત્ર ઓચિંતી તાપસ કરાવે તેવી લોક માંગ : ડોક્ટરો હાજર ન હોવા છતાં પણ ગરીબ લોકો પાસેથી ઇમરજન્સી કેશના નામે ડબલ પૈસા પડાવી રહ્યા છે**

ધાનેરા માં આવેલી મોટાભાગ ની ગાયનેક હોસ્પિટલ માં નર્સ અને શિખાઉ કમ્પાઉન્ડરો ધ્વરા પ્રસુતિ કરવામાં આવી રહી છે અને જેને લઈ ગરીબ નહિ પણ સ્ટાફ જેવા કે અનુભવ વગર ના લોકો ધ્વરા મહિલાઓએ પ્રસુતિ કરાવવામાં આવી રહી છે લોકો ડોક્ટર ની આશાએ હોસ્પિટલ માં આવતા હોય છે



અને ભોળી પ્રજા ના જીવ સામે જોખમ દેખાઈ રહ્યું છે ત્યારે આ બાબતે જિલ્લા આરોગ્ય ખાતું અને મહેરબાન કલેક્ટર સાહેબ ઓચિંતા દરોડા કરી તાપસ કરાવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

બનાસકાંઠા જિલ્લા નો ધાનેરા તાલુકો એ રાજેસ્થાન ને અડીને આવેલો તાલુકો છે ધાનેરા માં ચાલતી ગાયનેક હોસ્પિટલો સામે તંત્ર તાપસ કરે તેવી લોક માંગ ઉઠવા પામી છે કારણ કે ધાનેરા માં કેટલાક ડોક્ટરો પોતાના નામથી મોટી મોટી હોસ્પિટલ ખોલીને બેઠા છે પરંતુ આ હોસ્પિટલો સામે લોકો અનેક સવાલો ઉઠાવી રહ્યા છે ત્યારે ધાનેરા ના એક જાગૃત નાગરિકે જણાવ્યું હતું કે ધાનેરા ની મોટા ભાગ ગાયનેક હોસ્પિટલ માં રાત્રી ના સમયે ડોક્ટરો પરંતુ ડોક્ટરો પોતાની ફરજ બેદરકારી દાખવી ગરીબ અને ભોળી પ્રજા સાથે ચીટિંગ કરી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે ,,,,રાત્રી ના સમયે હોસ્પિટલ માં આવતા દર્દીઓ પાસેથી ઈમર્જન્સી કેશ પેટે દિવસ કરતા ડબલ રકમ વસુલવામાં આવી રહી છે છતાં પણ દર્દીને પૂરતી સારવાર ન મળવાની રાડ ઉઠી રહી છે.

ધાનેરાના લોકો ઈચ્છી રહ્યા છે કે ગુજરાત ની રૂપાણી સરકાર આ બાબતે તાપસ ના આદેશ આપે અને અને ગરીબ પરિવાર ને ન્યાય અપાવે અને સાથે સાથે આવનારા સમય માં આવા બનાવો ન બને તે માટે રાત્રી ના સમયે ધાનેરા ની ગાયનેક હોસ્પિટલો માં ઓચિંતા દરોડા કરી તાપસ કરાવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

# મોડાસાની શ્રીનાથ કો. ઓપ. ક્રેડિટ સોસાયટીનો દ્વિ-દશાબ્દી મહોત્સવની ઉજવણી

મોડાસા, તા. ૧૯

મોડાસા ભા.મા.શાહ ઓડિટોરીયમ હોલ ખાતે હર્ષોલ્લાસ અને ઉમંગના માહોલમાં સંપન્ન થનાર દ્વિ-દશાબ્દી સમારોહ રાજય કક્ષાના વન અને આદિજાતિ



રાજયકક્ષાના વન અને આદિજાતિ મંત્રી દ્વારા શ્રીનાથ કો.ઓપ.ક્રેડિટ સોસાયટી મોડાસાનો દ્વિ-દશાબ્દી સમારોહ યોજાયો હતો. મોડાસા ભા.મા.શાહ ઓડિટોરીયમ હોલ ખાતે મોડાસા પ્રદેશમાં વાણીજય વ્યવહારોમાં બે દાયકાની અવિરત સેવા સાધનાની સફળતા પૂર્ણ ક્ષિતિજોને સ્પર્શનાર શ્રીનાથ કો. ઓપ.ક્રેડિટ સોસાયટી મોડાસાના મંત્રી રમણલાલ પાટકર અને સમારંભના અધ્યક્ષ સુરેન્દ્રભાઈની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

રાજયકક્ષાના મંત્રી રમણલાલ પાટકરે પ્રાસંગિક પ્રવચન કરતાં જણાવ્યુ હતુ કે સ્પર્શનાર શ્રીનાથ કો.ઓપ.ક્રેડિટ સોસાયટીની સ્થાપ્રા વર્ષ ૧૯૫૭માં રચના થઈ હતી. હાલમાં આ ક્રેડિટ સોસાયટી રૂ. ૫૧ લાખનો નફો કરેલ છે જે ૧૨ ટકા ડિવિડન્ડ આપે છે. ગુજરાતમાં શ્વેતક્રાન્તી થઈ ત્યારથી આપણે બીજા રાજય કરતા ઘણા આગળ છીએ જે ગૌરંવની બાબત છે અને આ સોસાયટી ઉત્તરોતર પ્રગતિ કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

આ પ્રસંગે સમારંભ અધ્યક્ષ સુરેન્દ્રભાઈ શાહ, મહેશભાઈ પટેલ ચેરમેન હિંમતનગર, નગરપાલિકા પ્રમુખ સુભાષભાઈ શાહ, ડાૅ. દક્ષેશ આર. ઠાકર, પૂર્વ કુલપતિ સુરત, મ.લા.ગાંધી ઉ.કે. મંડળના પ્રમુખ નવીનચંદ્ર આર. મોદી, અરવલ્લી જિલ્લા રજીસ્ટાર આર.એ. મકવાણા, જિલ્લા ઉધોગ સેલનાપ્રમુખ મહેશભાઈ ભટ્ટ, અગ્રણી સમાજીક કાર્યકર નિલેશભાઈ જોષી, ક્રેડિટ સોસાયટીના તમામ ડિરેકટરો તથા સભાસદો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

## સરંક્ષણાત્મક સ્થિતિ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરેલા ઠરાવ પછી પણ કેમ ચુકવણુ કરાયુ તેની જાણકારી મેળવવા બળદેવજી ઠાકોરે પ્રયાસ કર્યો હતો. જો કે તાલુકા વિકાસ અધિકારી માણસાએ સ્પષ્ટતા કરી હતી કે તપાસ અધુરી છે અને હજુ એકાદ સપ્તાહથી પખવાડિયાનો સમય લાગી શકે એમ છે. બળદેવજીએ જણાવ્યુ હતુ કે શૌચાલયોના કામ સખી મંડળોના નામે થયા છે અને વચેટિયો કોન્ટ્રાક્ટર મલાઈ ખાઈ ગયો છે. આ પ્રથા નાથવાની કોઈ ચાવી તંત્ર પાસે છે. સખી મંડળોના નામે આ નવા ગોરખધંધા ચાલુ થયા છે. સખી મંડળોના હોદ્દેદારોને ખબર પણ નથી હોતી.

જિલ્લા વિકાસ અધિકારી કોયાએ તટસ્થ તપાસની ખાત્રી આપી હતી અને જવાબદાર જણાનાર એજન્સી કે કોન્ટ્રાક્ટર સામે જરૂરી પગલાં ભરવામાં આવશે જ. આજની આ બેઠકમાં પ્રશ્નોત્તરીને બાદ કરતાં કોઈ રાજકીય ઉત્તેજનાઓ જોવા મળી ન હતી. મહિલા બાળ વિકાસ સમિતિ અને આરોગ્ય સમિતિની ખાલી જગ્યાઓ પર નિમણુંકો કરાઈ હતી. જો કે રામાજી ઠાકોર, રમીલાબેન ચૌધરી તેમજ સોનલબેન પટેલના રાજીનામાનો કોઈ નિર્ણય આજની સામાન્ય સભામાં લેવાયો ન હતો.

## થાંભલાઓ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્ટ્રીટ લાઈટના બંધ થાંભલાઓની ફરિયાદોનુ નિરાકરણ પણ ઝડપથી આવતુ ન હોવાનો સુર ઉઠવા પામ્યો છે. ત્યારે સ્ટ્રીટ લાઈટના થાંભલા પણ કટાયેલી અને કંગાળ હાલતમાં છે. આવા સંજોગોમાં સ્ટ્રીટ લાઈટના કટાયેલા પોલ્સને કલર કામ કરવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવશે.જેને અનુલક્ષીને તંત્ર દ્વારા પ્રથમ તબક્કે ત્રણ સેકટરોમાં ૨ હજાર જેટલા પોલ્સને કલરકામ કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. સે-૨૮ થી સે-૩૦ માં થાંભલાને કલરકામ કરાશે. આગામી દેવ દિવાળીથી આ કામગીરી શરૂ કરી દેવાશે. જયારે સેકટરોમાં સ્થિત તમામ પોલ્સને આવરી લેવામાં આવશે. નવા સેકટરોમાં પણ મોટાભાગના થાંભલાઓ અગાઉ કટાયેલી હાલતમાં જોવા મળતા હતા. ત્યારે આ મામલે તંત્રએ સર્વે હાથ ધરીને અન્ય સેકટરોમાં પણ તબક્કારવા કામ હાથ ધરવાનુ આયોજન કર્યુ છે.

## કેદની સજા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ કેસ ગાંધીનગરની છઠ્ઠા એડિશ્નલ સિવિલ કોર્ટમાં ચાલી જતા ફરિયાદી તરફેના વકીલ તરીકે કમલેશ સાધવાણીએ દલીલો કરી હતી જેના અંતે એડીશ્નલ સિવિલ જજ આર ડી મહેતાએ આરોપીને બે વર્ષની સાદી કેદની સજા ભોગવવા આદેશ કર્યો હતો. આ ઉપરાંત ફરિયાદીને ચેકની રકમ વળતર પેટે ચુકવવા માટે પણ કોર્ટે આદેશ કર્યો હતો.

## હોસ્ટેલ બિલ્ડીંગ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સે-૨૪ સ્થિત હોસ્ટેલના સરકારી બ્લોકને ખાલી કરી દેવાની સુચનાથી રોષ પ્રવર્તયો હતો. આ બિલ્ડીંગ રહેણાંકને લાયક ન હોવાનુ માર્ગ મકાન વિભાગના ધ્યાને આવતા ગત સપ્ટેમ્બર મહીનામાં આ બ્લોક ખાલી કરી દેવા માટે જણાંવાયુ હતુ. જયારે આજે આ બ્લોક ખાલી કરી દેવા માટે ગતિવિધિઓ હાથ ધરાતા હોસ્ટેલમાં રહેતી ૪૦ વિદ્યાર્થીનિઓએ રોષ વ્યકત કર્યો હતો. આ મામલે વિદ્યાર્થીનિઓએ હોબાળો મચાવતા આખરે આ મામલે ટુંકમાં વોર્ડન સાથે બેઠક કરી વિચારણા હાથ ધરાશે. તંત્ર દ્વારા વિદ્યાર્થીનિઓ અમદાવાદની પોલીટેકનીક કોલેજમાં વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે રહી શકે તેવી વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે.

પરંતુ અમદાવાદ જવા સહમત ન હોવાથી વિદ્યાર્થીનિઓએ આક્રોશ વ્યકત કરી કોલેજના આચાર્ય સમક્ષ પણ રજુઆત કરી હતી. જયારે આગામી દિવસોમાં વાલીઓ અને વોર્ડન વચ્ચે બેઠક પણ યોજવામાં આવશે. માર્ગ મકાન વિભાગ દ્વારા આ ભયજનક બિલ્ડીંગ તોડી નાંખવામાં આવશે જયારે આ ઠેકાણે વિદ્યાર્થીઓની હોસ્ટેલ માટે નવુ બિલ્ડીંગ બને તેવુ આયોજન પણ કરવામાં આવશે. જે કામગીરીને અનુલક્ષી તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત પણ કરી દેવામાં આવી છે. બીજીતરફ વિદ્યાર્થીનિઓ દ્વારા સરકારી બ્લોક રહેણાંક માટે ત્વરિત ફાળવવામાં આવે તેવી રજુઆત પણ કરવામાં આવી છે. પરંતુ રહેણાંકને લાયક બ્લાકેની સંખ્યા આમ પણ ઓછી છે તેવા સંજોગોમાં સરકારી મકાનો ફાળવવા મુશ્કેલ હોવાનુ પણ તંત્રએ જણાવ્યુ છે.

## સીબીઆઈનો દાવો...

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચૌધરીને આપવામાં આવેલી આ રકમ અમદાવાદ શહેરના કોઈ વિપુલ નામના વ્યકિત દ્વારા આપવામાં આવી છે અને આ તથ્ય સનાએ તા.૨૦ ઓક્ટોબરના રોજ સીબીઆઇ ઓફિસર સામે કર્યું હોવાનું સામે આવ્યું છે. જૂન મહિનાના પ્રથમ સપ્તાહમાં એક એન્જસી દ્વારા એક કોલ ટ્રેસ કરવામાં આવ્યો હતો. જેમાં તેલંગાણાથી મેડચલથી ધારસભ્ય રહેલા કે લક્ષ્મી રેડી અને સના વચ્ચે ૧ કે ૨ કરોડ રૂપિયા મોકલવા અંગેની વાતચીત કરવામાં આવી છે. સતીશ બાબૂ સનાની વાત કરવામાં આવે તો, તેઓ હૈદરાબાદના મોટા બિઝનેસમેન છે અને તેઓની ગણના દેશના સૌથી મોટા મીટના વેપારીઓમાં થાય છે.

આ પહેલા પીએનબી બીજા નંબરના ટોચના અધિકારી રાકેશ અસ્થાના સાથેના કેસમાં પણ સનાનું નામ સામે આવી ચુક્યું છે. હૈદરાબાદના બિઝનેસમેન સતીશ બાબૂ સનાની ફરિયાદના આધારે પીએનબી બીજા નંબરના ટોચના અધિકારી રાકેશ અસ્થાના વિરૂદ્ધ નોંધવામાં આવેલી એફઆઈઆરમાં દાવો કરવામાં આવ્યો છે કે, તેમણે સીબીઆઈ સ્પેશિયલ ડાયરેક્ટરને ગત વર્ષે લગભગ ૩ કરોડ રૂપિયા આપ્યા હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે, પંજાબ નેશનલ બેન્કના કૌભાંડમાં કરોડોનું ફૂલેકું ફેરવી મેહુલ ચોકસી અને નીરવ મોદી દેશમાંથી ભાગી ગયા છે. પીએનબી સ્કેમના મુખ્ય આરોપીઓ નીરવ મોદી અને મેહુલ ચોકસી સામે લુકઆઉટ નોટિસ જાહેર કરવામાં આવી છે અને તેઓના પાસપોર્ટ પણ રદ્દ કરી દેવામાં આવ્યા છે. ત્યારે હવે આ સમગ્ર કૌભાંડમાં ગુજરાતના વતની એવા હરિભાઈ ચૌધરીનું નામ પણ સામે આવતાં રાજકીય ખળભળાટ મચ્યો છે.

# કાંકરેજ તાલુકાના ચાંગામાં કપાસ ચોરી કરતા બે ઈસમો ઝડપાયા

કાંકરેજ, તા. ૧૯

કાંકરેજ તાલુકાના ચાંગા ગામે ગત તારીખ ૧૭/૧૧ના રોજ ચાંગા ગામના દિનેશભાઈ કરશનભાઈ પટેલના ખેતરમાં કોઈ શખ્સો દ્વારા કપાસના રૂની ચોરી હતા. દિનેશભાઈએ ગામમાંથી લોકોને ભેગા કરી તપાસ કરવામાં આવી હતી. જેમાં ચાંગા ગામના મુસ્તફાભાઈ સુમરાભાઈ મુંસલા કુંભાર (મુસલમાન) તેમજ નિલેશભાઈ અમરતજી ઠાકોર



કરતા હતા તે સમય દરમિયાન દિનેશભાઈએ ખેતરના ભાગીયા સાથે તપાસ કરતા આ બન્ને શખ્સો રિક્ષા નંબર જી.જે.૦૮.વાય. ૪૬૧૮ની રિક્ષા મૂકી નાશી ગયા બન્નેને પકડી થરા પોલીસ સ્ટેશન લાવ્યા હતા. આ બન્ને શખ્સો રાત્રીના દરમિયાન ચાંગા ગામે અલગ અલગ ખેતરોમાંથી કપાસના રૂની ચોરી કરતા હતા.



## ઈટાડી ગામે ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકની શાખાનો પ્રારંભ

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના ભૂમિપુત્રો, પશુપાલકો અને પ્રજાજનોની જીવાદોરી સમાન ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક. લી હિંમતનગરની શાખાનો મોડાસા તાલુકાના ઈટાડી ગામે રિઝર્વ બેન્કના અધિકારી ભરત પંચાલ અને સાબરકાંઠા બેન્કના ચેરમેન મહેશભાઈ પટેલના હસ્તે પ્રારંભ થતા ખેડૂતો સહીત ગ્રામજનોમાં આનંદ છવાયો હતો. આ પ્રસંગે બેન્કના મેનેજીંગ ડિરેક્ટર પંકજ પટેલ, ધી ઈટાડી ગામ સેવા સહકારી મંડળીના ચેરમેન રમેશભાઈ બારોટ અને ધી ઈટાડી દૂધ ઉત્પાદક સહ, મંડળીના ચેરમેન નયનાબેન એન. પટેલ, ગામના મહિલા સરપંચ કિંજલબેન કમલેશભાઈ મકવાણા સહીત ગામના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગ્રેનેડ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

બીજી તરફ આ મુદ્દે પંજાબ અને જમ્મુ કાશ્મીરની બોર્ડર પર નવું હાઈએલર્ટ ઈશ્યું કરવામાં આવ્યું છે. NIAની ૩ સભ્યોની ટીમ ઘટના સ્થળ પર તપાસ કરી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે પંજાબ સરકાર દ્વારા હુમલાખોરોની ભાળ આપનાર વ્યક્તિને સરકારે ૫૦ લાખ રૂપિયાનું ઇનામ આપવાની જાહેરાત કરી છે. હુમલા બાદ સમગ્ર પંજાબ ઉપરાંત દિલ્હી અને હરિયાણા પોલીસ પણ એલર્ટ પર છે.

## જવાબ રજૂ કર્યો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કરી દીધો હતો. સુપ્રિમ કોર્ટ આ મામલામાં તપાસને આગળ વધારવા વધુ ઝડપી તપાસના આદેશ કરી શકે છે. શુક્રવારના દિવસે જ સુપ્રિમ કોર્ટમાં રજુ કરવામાં આવેલી સીવીસી રિપોર્ટમાં કેટલાક મહત્વપૂર્ણ મામલામાં ગંભીર અનિયમિતતાની વાત કરવામાં આવી હતી. સુપ્રિમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલા રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આમાં અનેક આરોપોની ગંભીર તપાસ કરવાની જરૂર છે. સીબીઆઈના સ્પેશિયલ ડિરેકટર રાકેશ અસ્થાનાએ આલોક વર્મા પર કેટલાક મહત્વપૂર્ણ કેસોમાં દરમિયાનગીરી કરવાનો આક્ષેપ કર્યો હતો. સીવીસીએ વર્મા પર મુકવામાં આવેલા આક્ષેપોમાં વધુ ઉંડાણ સુધી જવાની વાત કરી હતી. ચીફ જસ્ટીસ રંજન ગોગોઈના નેતૃત્વમાં સુપ્રિમ કોર્ટની બેચે સીવીસી દ્વારા મુકવામાં આવેલા આરોપોને લઈને વર્મા પાસેથી સોમવારે એક વાગ્યા સુધી જવાબની માંગ કરી છે. કોર્ટે કહ્યું છે કે આગામી કાર્યવાહી માટે ૨૦મી નવેમ્બર નક્કી કરવામાં આવી છે.



## મોડાસા ડીપ વિસ્તારમાં પીવાના પાણીની પાઈપલાઈન વાલ્વમાં ભંગાણ

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં નગરપાલિકા તંત્ર દ્વારા પુરા પડાતા રોજિંદા વપરાશની પાણીની પાઈપલાઈનમાં શહેરના વિકાસના કામો અને ભૂગર્ભ ગટર યોજનાના કામોના પગલે છાસવારે ભંગાણ સર્જાતા મહામુલા પાણીઓ વ્યય થવાની અનેક ઘટનાઓ બની રહી છે. ત્યારે નગરપાલિકા તંત્રની વધુ એક બેદરકારી સામે આવતા હજ્જારો લીટર પાણીનો વ્યય થતા શહેરીજનોમાં ઉગ્ર રોષ ફેલાયો છે. મોડાસાના ડીપ વિસ્તારમાં નગરપાલિકા તંત્રની બેદરકારીના પગલે નગરજનોને પુરા પડાતા પાણીની પાઈપલાઈનના વાલ્વમાં ભંગાણ સર્જાતા હજ્જારો લીટર પાણી ગટરમાં વહી રહ્યું છે. અહીંથી પસાર થતા રાહદારીઓ અને આજુબાજુના રહીશોના જણાવ્યા અનુસાર પાઈપલાઈનની કુંડીમાં આવેલા વાલ્વમાં લગભગ એક મહિનાથી ખામી સર્જાતા દરરોજ હજ્જારો લીટર પાણીનો બગાડ થઈ રહ્યો છે. એકબાજુ સમગ્ર રાજ્યમાં દુષ્કાળના ડાકલા વાગી રહ્યા છે ત્યારે બીજીબાજુ હજ્જારો લીટર પાણીનો વેડફાટ થતા નગરપાલિકા તંત્ર દ્વારા ભંગાણ સર્જાયેલ વાલ્વનું તાબડતોડ સમારકામ હાથ ધરવામાં આવે તેવી પ્રજાજનોએ માંગ કરી હતી.

# અરવલ્લી જિલ્લામાં ૩૪ ખેડૂતોની મગફળી ટેકાના ભાવે ખરીદાઈ

મોડાસા, તા. ૧૯

સરકારે ટેકાના ભાવે ખરીદીની જાહેરાત કરતા અને ટેકાના ભાવ પ્રતિ મણ ૧ હજાર રૂપિયે મગફળી ખરીદી રહી છે. ટેકાના ભાવે મગફળીમાં ગેરરીતિ પર લગામ લગાવવા ઓનલાઈન રજીસ્ટ્રેશન શરુ કર્યું છે. ધરતીપુત્રો ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવા વહેલી સવારથી જીલ્લાના ટેકાના ભાવે ખરીદી કેન્દ્રો પર નોંધણી ૩૪ ખેડૂતો મગફળી ટેકાના ભાવે ખરીદાઈ હતી.

સરકાર દ્વારા કવોલિટીવાળી મગફળી ખરીદવામાં આવી રહી છે. આ વર્ષે ઓછા વરસાદથી અમુક વિસ્તારોમાં મગફળીના પાકમાં રોગ આવ્યો હતો. જેથી ઉચ્ચ ગુણવતાવાળી મગફળીનું ઉત્પાદન થયું નથી. જો ખેડૂતો ટેકાના ભાવે મગફળી વેચવા જાય માલ રીજેક્ટ કરવામાં આવે તો વાહનભથ્થું પણ



કરાવવા શરૂઆતમાં ઉભા રહી ગયા હતા. ઓનલાઈન નોંધણી કરાવેલ ખેડૂતો ૧૫ નવેમ્બરે મગફળી લઈને પહોંચતા પડેલી પરિવાર મુશ્કેલીઓ અને સરકારે મગફળીની ખરીદીને લઈને નક્કી કરેલા માપદંડોના પગલે કેટલાક ખેડૂતોની મગફળી ટેકાના ભાવે ન ખરીદતા ખેડૂતોમાં ભારે નિરાશા વ્યાપી હતી. ત્યારે અરવલ્લી જીલ્લાના ટેકાના ભાવે ખરીદ કેન્દ્રો પર પાંચમા દિવસે ભારે નીરસતા જોવા મળી હતી. મોડાસા માર્કેટયાર્ડના ટેકાના ભાવે ખરીદ કેન્દ્ર પર ૪૦ રજીસ્ટ્રેશન ખેડૂતોમાંથી ફક્ત માથે પડવાની શક્યતા છે. આ કારણે પણ ખેડૂતો મુંઝવણમાં મૂકાયા છે. શિયાળુ પાકનાં વાવેતર માટે નાણાની જરૂરિયાત સિંચાઈનું નહીવત પાણીના લીધે ખેડૂતોએ શિયાળુ પાક પાકોનું વાવેતર શરૂ કર્યું છે. જેમાં ખાતર, દવા, બિયારણ માટે નાણાંની જરૂરિયાત ઊભી થઈ શકે છે. જો ટેકાના ભાવે મગફળી વેચશે તો કયારે નાણાં આવે તે નક્કી હોતું નથી જેના પગલે અરવલ્લી જીલ્લામાં ખેડૂતો ટેકાના ભાવે મગફળી વેચવાના બદલે ખુલ્લા બજારમાં મગફળી વેચવા મજબુર બન્યા છે.


## ધાનેરા નગરપાલિકા

**ઓનલાઈન ટેન્ડર**

**જાહેર નિવિદા - ૨૦૧૮**

નગરપાલિકા ધાનેરા પાણી-પુરવઠા શાખામાં જિલ્લા આયોજન મંડળની વર્ષ-૨૦૧૮/૨૦૧૯ની ગ્રાન્ટ અને નગરપાલિકા સ્વભંડોલમાં વૉર્ડ નં.૫ શિવ-શક્તિ વિશ્વકર્મા સોસાયટીમાં ઑવરહેડ ટાંકી બનાવવાના કામ માટે માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી કામના ભાવો ઓનલાઈન મંગાવવામાં આવે છે. વિગતવાર નોટીસ વેબસાઈટ http://nprocure.com ઉપર તા. ૨૨/૧૧/૨૦૧૮ અને ત્યારબાદ જોઈ શકાશે અને ડાઉનલોડ કરી શકાશે. ધાનેરા નગરપાલિકા તમામ ટેન્ડરો સ્વીકારવા કે રિજેક્ટ કરવા અંગેનો પોતાનો અધિકાર અબાધિત રાખે છે. હાર્ડકોપીમાં કામનું નામ તથા ડૉક્યુમેન્ટ સ્વીકારવાની છેલ્લી તારીખ સ્પષ્ટ અક્ષરમાં લખવાની રહેશે.

| અનુ.નં. | વિગત | તારીખ |
|---|---|---|
| ૧. | ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઉનલોડ તારીખ | તા. ૨૨/૧૧/૨૦૧૮થી તા.૩/૧૨/૨૦૧૮ ના રોજ ૧૮.૦૦ કલાક સુધી |
| ૨. | ટેન્ડર ઓનલાઈન સબમિશન | તા. ૩/૧૨/૨૦૧૮ના રોજ ૧૮.૦૦ કલાક સુધી |
| ૩. | ટેન્ડર ફી, ઈએમડી (બાનામુક્તિ પ્રમાણપત્ર માન્ય રહેશે નહિ) અને અન્ય દસ્તાવેજો હાર્ડ કોપીમાં 'ચીફ ઓફીસર' નગરપાલિકા ધાનેરાના નામે સીલબંધ કવરમાં આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી રજૂ કરવાની તારીખ | તા. ૫/૧૨/૨૦૧૮ |
| ૪. | ટેન્ડર ઓપનીંગ | તા. ૬/૧૨/૨૦૧૮ (સંભવિત) |

આ કામની વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીનો સંપર્ક સાધવાથી મળી શકાશે.

| વી.બી પરમાર | શંકરભાઈ એસ. પટેલ | વસંતીબેન વી. ગલચર | બળવંતજી સી. બારોટ |
|---|---|---|---|
| મુખ્ય અધિકારી | ચેરમેન | ઉપપ્રમુખ | પ્રમુખ |
| નગરપાલિકા ધાનેરા | પાણી-પુરવઠા સમિતિ | નગરપાલિકા ધાનેરા | નગરપાલિકા ધાનેરા |



ચાલો ડીસા... ચાલો ડીસા... ચાલો ડીસા...
(શમશેરપુરા) (શમશેરપુરા)

નૂતન વર્ષાભિનંદન

શ્રી રબારી સમાજ સ્નેહમિલન સમારોહ - ડીસા

સ્નેહ નિમંત્રણ

સહર્ષ ખુશાલી સાથે રબારી સમાજને જણાવતા આનંદ થાય છે કે, આગામી તા.૨૧/૧૧/૨૦૧૮ ને બુધવારના રોજ શૈક્ષણિક સંકુલ માટે સમશેરપુરા ખાતે રાખેલી નવીન જમીનમાં રબારી સમાજના અતિ ભવ્ય સંમેલનનું આયોજન કરેલ છે. જેમાં અનંત વિભુષિતથી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર પ.પૂ. શ્રી કનીરામદાસજી મહારાજ, દૂધરેજ ના અધ્યક્ષસ્થાને રાખેલ છે તો આ શુભ પ્રસંગે સંતો, મહંતો, આગેવાનો, વડીલો તેમજ તમામ ભાઈ - બહેનોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા ભાવભર્યુ હાર્દિક આમંત્રણ છે.

શુભ દિવસ
સંવત ૨૦૭૫ ને કારતક સુદ - ૧૩
તા.૨૧/૧૧/૨૦૧૮ ને બુધવાર
સવારે ૯.૦૦ કલાકથી શરૂ

શુભ સ્થળ
ડીસા - થરાદ રોડ,
શ્રી ડી.આર.અગ્રવાલની ફેક્ટરીની પાછળ,
મુ.શમશેરપુરા, તા.ડીસા, જિ.બ.કાં.

ભૂમિ અને ભોજન પ્રસાદના દાતાશ્રી
શ્રી માવજીભાઈ એમ. દેસાઈ - બાઈવાડા
(ચેરમેનશ્રી, એ.પી.એમ.સી. માર્કેટ, ડીસા
વાઈસ ચેરમેનશ્રી, બનાસ ડેરી, પાલનપુર)
(પ્રમુખશ્રી, બનાસ મેડીકલ કોલેજ, પાલનપુર)

॥ નિમંત્રક ॥
રબારી સમાજ ગોપાલક છાત્રાલય અને શૈક્ષણિક સંકુલ, ડીસા